भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

AR 686623

ક્રમ ..... ના સ્ટેમ્પ પેપર નં. .....
ખરીદનાર ..... ના રહીશ
નામ .....
હસ્તે ..... તા. ..... સને ૨૦૧૫

સ્ટેમ્પ વેન્ડર
કિરણ ડી. શુક્લ લા. નં. ૩૬/..
લોધાવાડ ચોક, રાજકોટ.
લેનારની સહી.⊗ .....

RKT	5	MAV
630		
2016		

ઓનરશીપના ધોરણે ફલેટનો કબજા રહિત સાટાખત

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ તાલુકાના ગામ **મોટામવા** ના રેવન્યુ **સર્વે નં.૧૨** ની રહેણાંકના હેતુ માટેની બીન ખેડવાણની મંજુરી વાળી જમીન માહેથી **સીંગલ યુનીટ નં. ૧ ની જમીન ચો.મી.આ. ૩૪૧૦–૦૧** ઉપર બાંધવામાં આવેલ બે હાઈ–રાઈઝ એપાર્ટમેન્ટનું સંકુલ કે જે **" વ્હાઈટ હેવન "** તરીકે ઓળખાતા સંકુલનમાં આવેલ વિંગ–" એ " તથા વિંગ– " બી " પૈકી વિંગ– " બી " માહેથી સાતમાં માળ પર આવેલ ફલેટ નં.બી/૭૦૨ જેના બિલ્ટઅપ એરીયા **ચો.મી.આ.૧૭૭–૪૮** નો ઓનરશીપના ધોરણે કબજા રહીત સાટાખત કરાર.

×××

વેચાણ કિંમત રૂા.૩૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાત્રીસ લાખ પુરા.

×××

Vekasrina V.V.

17 FEB 2016

RKT | 5 | MAV
:: ૨ :: 630 | ૨ | ૫
2016

જોગ લખાવી લેનાર :–

શ્રી નીલેશ ચંદુલાલ પરસાણીયા,

ધર્મે–હિન્દુ, ઉ.વ.આ.–૪૨, વ્ય.–વેપાર,

સરનામુ :– બ્લોક નં. ૬૦૧, "શાલીગ્રામ એપાર્ટમેન્ટ", જલારામ –૧,ફાયર સ્ટેશન પાસે,નિર્મલા કોનવેંટ રોડ, રાજકોટ.

...... તે ફલેટ ખરીદનાર

જોગ લખી આપનાર :–

મે. વ્હાઈટ હેવન એન્ટરપ્રાઈઝના નામથી કામકાજ કરતી ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર

(૧)શ્રી નિતીનભાઈ વિઠલભાઈ દુદાણી,

ધર્મે–હિન્દુ, ઉ.વ.આ.૫૩, વ્ય–વેપાર,

(૨)શ્રી વિનુભાઈ વલ્લભભાઈ વેકરીયા,

ધર્મે–હિન્દુ, ઉ.વ.આ.૪૭, વ્ય–વેપાર,

સરનામું:– " વ્હાઈટ હેવન ", મોટામવા સર્વે નં. ૧૨, સનસાઈન કોલેજની સામે,
કાલાવડ રોડ, રાજકોટ.

...... તે ફલેટ વેચનાર

આ કબજા રહીત સાટાખતથી તમો લખાવી લેનાર જોગ લખી આપનાર લખી આપી બંધાઈએ છીએ કે :–

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ તાલુકાના ગામ મોટામવા ના રેવન્યુ **સર્વે નં.૧૨** ની રહેણાંકના હેતુ માટેની બીન ખેડવાણની મંજુરી વાળી જમીન માહેથી સીંગલ યુનીટ નં. ૧ ની જમીન ચો.મી.આ. ૩૪૧૦–૦૧ અમો વેચનાર ભાગીદારી પેઢીએ અમારા જોગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૨૦૩૨, તા. ૫/૦૫/૨૦૧૪ ના રોજ શ્રીમતિ નયનાબા મહેન્દ્રસિહ જાડેજા પાસેથી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહું ઉપરોકત વિગતે આવેલ જમીન અમો ભાગીદારી પેઢીની માલીકી તથા કબજા, ભોગવટાની થયેલ છે. ત્યારબાદ સદરહું અમો ઉપરોકત સીંગલ યુનીટ નં.૧ ની જમીન ચો.મી.આ.૩૪૧૦–૦૧ ઉપર હાઈ–રાઈઝ ઈમારત બાંધવાનું આયોજન કરતા રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ પાસેથી ધારાસર બાંધકામ વિકાસ માટેની પરવાનગી નં.રૂડા/ટેક/ડેવ/મોટામવા/૪૪૦/૧૪/૫૭૮૨, તા. ૩૦/૧૦/૨૦૧૫ ના રોજથી મેળવી બાંધકામ પ્લાન મંજુર કરાવી અને તે મંજુર થયેલ બાંધકામ પ્લાન મુજબ ***"વિંગ –એ"*** તથા ***" વિંગ–બી "*** નું બાંધકામ થનાર છે. આમ, ઉપરોકત નંબરે મંજુર થયેલ બાંધકામ પ્લાન મુજબનું બાંધકામ તથા સહીયારી તથા કોમન પ્લોટમાં આવેલ સુવીધાઓ અમો વેચનારની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા અને સુખાધિકારની આવેલ છે. તેનો અમો વેચનારને ગમે તે રીતે વેચાણ, વ્યય, વહિવટ, વ્યવસ્થા, તબદીલ કરવા સંપુર્ણ સત્તા અને અધિકાર છે.

Vekariya V.V.

Nilesh

17 FEB 2016

RKT 5 MAV
630 3 ५
2016

(૪) આમ, ઉપરોકત " વ્હાઈટ હેવન વિંગ–બી " માંહેથી સાતમાં માળ પર આવેલ ફલેટ નં.બી/૭૦૨ જેના બાંધકામમાં લીવીંગ રૂમ, ડાયનીંગ રૂમ, કીચન, વોશ એરીયા, સ્ટોર એરીયા, ચાર બેડરૂમ એટેચ્ડ ટોઈલેટ તથા બાથરૂમ, પોર્ચ (બાલ્કની) તથા પુજા રૂમનું બાંધકામ કરેલ છે, જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ.૧૭૭–૪૮ છે. તે મંજુર થયેલ પ્લાન મુજબના ફલેટની વિગત તથા ચર્તુઃસીમા આ સાથે નીચે પરિશિષ્ટ–૨ માં આપવામાં આવેલ છે. તથા આ ફલેટ તમો લખાવી લેનારને અમો મિલ્કત લખી આપનારાઓએ અમારા તમામ પ્રકારના માલીકી હકક, કબજા ભોગવટા તથા સુખાધિકારના હકકો સહિત ઉધડી કિંમત રૂા.૩૫,૦૦,૦૦૦/– અંકે **રૂપિયા પાત્રીસ લાખ** પુરામાં વેચાણ આપવાનું નકકી કરતાં સુથી નીચેની વિગતથી વસુલ મળેલ છે. જેની આથી પહોંચ સ્વીકારીએ છીએ.

રકમ રૂા.	બેંકનું નામ	ચેક નં.	તારીખ
૨,૫૦,૦૦૦/–	એસ.ડી.કો.ઓ.બેંક	૩૮૨૧૭૨	૮/૦૫/૨૦૧૪
૧,૦૦,૦૦૦/–	એસ.ડી.કો.ઓ.બેંક	૩૮૭૫૦૪	૧૧/૦૨/૨૦૧૫
૧,૦૦,૦૦૦/–	એસ.ડી.કો.ઓ.બેંક	૩૮૨૧૮૦	૫/૦૩/૨૦૧૫
૧,૦૦,૦૦૦/–	એસ.ડી.કો.ઓ.બેંક	૩૮૭૫૦૫	૨૪/૦૬/૨૦૧૫
૧,૦૦,૦૦૦/–	એસ.ડી.કો.ઓ.બેંક	૩૮૭૫૦૬	૨૨/૦૭/૨૦૧૫
૨,૦૦,૦૦૦/–	એસ.ડી.કો.ઓ.બેંક	૦૦૬૯૪૬	૯/૧૧/૨૦૧૫
૮,૫૦,૦૦૦/–	અંકે રૂપિયા આઠ લાખ પચાસ હજાર પુરા ઉપરોકત વિગતેથી મળેલ છે.		

(૫) આ તમોને વેચાણ આપવાનું નકકી કરેલ ફલેટ તથા ફલેટના આખા એપાર્ટમેન્ટનું સંપુર્ણ વર્ણન તથા ચર્તુઃસીમા પરિશિષ્ટ–૧ માં દર્શાવેલ છે તથા આ તમોને વેચાણ આપવા નકકી કરેલ ફલેટની વિગત તથા વર્ણન પરિશિષ્ટ–૨ માં દર્શાવેલ છે. તથા તમોને વેચાણ આપવા નકકી કરેલ ફલેટ જે એપાર્ટમેન્ટમાં આવેલ છે. તેની સહીયારી સુવીધાઓ છે. તેનું વર્ણન તથા વિગત પરિશિષ્ટ–૩ માં દર્શાવેલ છે. આ સહિયારી સુવીધાઓમાં જરૂર પડયે ફેરફાર કરવાના કે આવી સુવિધાઓ વધ–ઘટ કરવાના હકકો અમો મિલ્કત વેચનારના અબાધિત રહેશે.

(૬) આ તમોને વેચાણ આપવાનું નકકી કરેલ મિલ્કતની શરતો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે.

:: શરતો ::

[૧] આ સાટાખત વાળી મિલ્કત અમો વેચનારે બીજા કોઈને વેચાણ આપેલ નથી કે વેચાણ આપવા કરાર કરી આપેલ નથી અને આ મિલ્કતનો અમોને મન ચાહે તે રીતે વેચાણ, વ્યય અને વ્યયસ્થા કરવા સંપુર્ણ હકક, સત્તા અને અધિકાર છે. તેવી ખાત્રી આપી ને જ આ મિલ્કત તમોને વેચાણ આપવાનો કરાર કરેલ છે.

Vekariya V.V.

17 FEB 2016

RKT | 5 | MAV
630 | ૫ | ૫
2016

[૨] તમોને વેચાણ આપેલ મિલ્કત અંગેના ટાઈટલ ડીડઝ તેમજ રાજકોટ શહેરી વિકાશ સત્તા મંડળએ મંજુર કરેલ બાંધકામના નકશા વિગેરે મિલ્કત ખરીદનારે જોઈ તપાસી લીધેલ છે અને મિલ્કત ખરીદનારને સંતોષ થયેલ છે. ખરીદનારે ટાઈટલ ડીડઝ તથા બાંધકામ નકશાની ચોકસાઈ કરી લીધેલ છે અને તે કબુલ રાખેલ છે. તથા તમોને વેચાણ આપેલ ફલેટ અંગેના ટાઈટલ ડીડસ કલીયર અને માર્કેટેબલ છે. જે તમોએ જોઈ તપાસી ખરાઈ કરેલ છે. જે અંગે તમો ખરીદનારને વાંધો કે તકરાર નથી. તથા તમોને ઉતરોતર ટાઈટલ ડીડસની ઝરોક્ષ ફાઈલ અગાઉ આપેલ છે. તથા તેમા જરૂર પડયે ખરી નકલો તમો ખરીદનારે તમારા ખર્ચે કઢાવી લેવાની રહેશે.

[૩] આ તમોને વેચાણ આપેલ મિલ્કતનો બાકી રહેતો અવેજ બાંધકામ પુર્ણ થાય ત્યા સુધીમાં નકકી કરેલ માસીક હપ્તેથી ચુકવી આપવાના રહેશે. તથા ત્યાર બાદ વેચાણ દસ્તાવેજ કરી લેવાનો રહેશે.

[૪] ખરીદનાર ઉપર જણાવ્યા મુજબની બાકી રહેતો અવેજ નકકી કરેલ સમયમાં ચુકવવામાં નિષ્ફળ જાય તો માલીક ઈચ્છે તો આ કરાર રદ કરી શકે છે. આ સંજોગોમાં ખરીદનારએ ભરેલ સુથીની રકમ જપ્ત કરવામાં આવશે. તે સીવાયની જે કાંઈ હપ્તાની રકમ જમા થશે તે પરત કરવામાં આવશે. પરંતુ તેના ઉપર કાંઈ વ્યાજ આપવામાં આવશે નહિ. આ કરાર રદ થયે માલીક તે એપાર્ટમેન્ટ બીજા કોઈપણ ને યોગ્ય લાગે તે કિંમતે વેચાણ કરી શકશે. આ બાબતમાં ખરીદનાર કોઈ વાંધો તકરાર લઈ શકશે નહિ અથવા જો માલીક ઈચ્છે તો આ કરાર રદ કરવાને બદલે ચુકવવાની બાકી રકમ પર વિતેલ સમય માટે ૧૮% વ્યાજ ચાર્જ કરી કરાર ચાલુ રાખી શકશે.

[૫] **"વ્હાઈટ હેવન વિંગ–બી"** એપાર્ટમેન્ટનું વર્ક કમ્પલીટ થયગયે તમો ખરીદનારએ ફલેટનો કબજો સંભાળી લેવાની લેખીત કે મૌખીક જાણ થયેથી તાત્કાલીક ફલેટનો કબજો મેળવીલેવાનો રહેશે અને કમ્પ્લીશન આવ્યે સર્ટીફીકેટની નકલ આપવામાં આવશે. તથા કમ્પ્લીશન આવ્યાના તારીખથી ઉપરોકત વિગતે આવેલ ફલેટના તમામ પ્રકારના ટેક્ષ તમો ખરીદનારએ ભરપાઈ કરવાના રહેશે.

[૬] સદરહું તમોને વેચાણ આવામાં આવેલ ફલેટ વાળી બિલ્ડીગના માપ–સાઈઝ તમોએ સમજેલ છે. જે હકીકતે લખાવીલેનારને બિલ્ડીગના બાંધકામ પ્લાન, બાંધકામની મંજુરી, સ્ટ્રકચરલ ડીઝાઈન, તેમા વાપરવામાં આવતા માલ મટીરીયલ, વર્કમેનસીપ તથા સુવિધાઓ વિગેરેની ચોકસાઈ કરી સમજીને આ ફલેટ ખરીદ કરવાનું અમો લખાવીલેનારએ નકકી કરેલ છે. તેથી અમો લખાવીલેનારએ ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવાનો નથી.

Vekariya V.V.

17 FEB 2016

RKT	5	MAV
630	૬	૫
2016		

[૭] સદરહું ખરીદનારએ પોતાના નામ જોગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ન થયા ત્યા સુધી તમોને વેચાણ આપવા નકકી કરેલ ફલેટ કે તેનો કોઈપણ ભાગ મિલ્કત માલીકની લેખીત પરવાનગી સીવાય ભાડે આપી શકાસે નહી કે ટ્રાન્સફર કે વેચાણ આપી શકાશે નહી.

[૮]તમો ખરીદનારએ બુક કરાવેલ ફલેટની કિંમતમાં અન્ય કોઈપણ પ્રકારનાં ચાર્જીસ જેમ કે નળ કનેકશન ચાર્જ, આર.એમ.સી. કે ગ્રામ પંચાયત હાઉસ ટેક્ષ, લાઈટ કનેકશન ચાર્જ, સર્વીસ ટેક્ષ વિગેરેનો સમાવેશ થતો નથી. આ તમોને વેચાણ આપેલ ફલેટ સબંધે કે દસ્તાવેજ સબંધે જો કોઈપણ સરકારી કે અર્ધ–સરકારી ટેક્ષ(કેન્દ્ર કે રાજય સરકારના અન્ય ટેક્ષો)જે તે વખતના ભરવાના થાય એટલેકે કોઈપણ જાતના સેલ્સટેક્ષ, સર્વીસ ટેક્ષ વિગેરે તથા વધ–ઘટ કે ઉમેરો થતા જે કંઈ ટેક્ષ થાય તે તમોએ એટલેકે ખરીદનારએ ભરપાઈ કરી આપ્યે દસ્તાવેજ થસે. તમોએ બુક કરાવેલ ફલેટની કિંમતમાં કોઈપણ પ્રકારના ચાર્જ કે ટેક્ષનો સામાવેશ થતો નથી.

[૮] **"વ્હાઈટ હેવન"** ના કોમન મેઈન્ટેનન્સ ખર્ચ માટે ખરીદનારે કોમન મેઈન્ટેનન્સ ડીપોઝીટના ચુકવી આપવાના રહેશે. વેચનારે તે રકમ માટે જુદુ બેંક એકાઉન્ટ ખોલાવવાનું રહેશે તથા તેમાંથી કોમન ખર્ચ કરશે નહી. વેચાયેલ મિલ્કત અંગેનો જે કોમન ખર્ચ થાય તે વેચનારે વરાડે પડતો ભોગવવાનો છે. કોન્ડોમીનીયમ એસોસીએશનનું બેંક એકાઉન્ટ ખુલ્યે કોમન ખર્ચની રકમ થયેલ ખર્ચ બાદ કરીને વેચનાર તેમાં ટ્રાન્સફર કરી આપશે અને બિલ્ડીંગનો વહિવટ કોન્ડોમીનીયમ/એસોસીએશનને સોંપી આપશે.

[૯]આ તમોને વેચાણ આપવા નકકી કરેલ મિલ્કતનો શાંત, ખાલી, નિર્ભય, નિર્મળ કબજો બાકીની અવેજની રકમ મળ્યે થતા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ વખતે સોંપી આપવામાં આવશે.

[૧૦]સદરહું "વ્હાઈટ હેવન"ના એપાર્ટમેન્ટ માલીક નું એ. ઓ. પી. ના નામે રજીટર્ડ કરવામાં આવશે અને મિલકત ખરીદનારે આ એ.ઓ.પી.ના સભ્ય થવું ફરજીયાત છે અને આ એ.ઓ.પી. ના હકક, ફરજ તથા જવાબદારી અદા કરવાની રહેશે. તથા એસોસીએશન જે મેઈન્ટેનન્સની રકમ નકકી કરે તે રકમ તમો ખરીદનારએ તમારા જોગનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થાય તે પહેલા એસોસીએશનમાં જમા કરાવી આપવાનો રહશે.

[૧૧]ઈલેકટ્રીક લાઈન, મીટર લેવા તથા પાણીના કનેકશન ચાર્જ તથા તેને લગતા ટેકસીસ માટે જે કાંઈ ખર્ચ હોય તે ખરીદનારે ભોગવવાનો થશે તથા કોમન મીટર્સનો ખર્ચ દરેક ફલેટ હોલ્ડરે વરાડે પડતો આપવાનો છે. જી.ઈ.બી. તરફથી પાવર સપ્લાઈ આપવામાં

Vekariya r.v.

17 FEB 2016

RKT | 5 | MAV
630 | ૬ | ૫
2016

મોડુ થશે તો તેની જવાબદારી અમો વેચનારની રહેશે નહી. દસ્તાવેજ કરાવ્યા બાદ ખરીદનારે મીટર પોતાના નામે ટ્રાન્સફર કરવાનું રહેશે. મિલ્કત ખરીદનાર નું આ સાટાખતમાં જે સરનામું દર્શાવેલ છે. તે સરનામે કરેલ પત્ર વ્યવહાર આખરી ગણાશે.

(૭) આ સાટાખતમાં ઉલ્લેખ કરવામાં આવેલ પરીશીષ્ટ નીચે મુજબ છે.

<u>પરિશિષ્ટ–૧</u>

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ તાલુકાના ગામ મોટામવા ના **રેવન્યુ સર્વે નં.૧૨** ની રહેણાંકના હેતુ માટેની બીન ખેડવાણની મંજુરી વાળી જમીન માહેથી સીંગલ યુનીટ નં. ૧ ની જમીન ચો.મી.આ. ૩૪૧૦–૦૧ ઉપર બાંધવામાં આવેલ બે હાઈ–રાઈઝ એપાર્ટમેન્ટનું સંકુલ કે જે **" વ્હાઈટ હેવન "** તરીકે ઓળખાતા સંકુલનમાં આવેલ વિંગ–" એ " તથા વિંગ– " બી " પૈકી **વિંગ– " બી "** તરીકે ઓળખાતી સમગ્ર ઈમારતની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

ચ ર્તુ : સી મા

ઉત્તરે :– માર્જીનની જમીન બાદ કોમન પ્લોટ આવેલ છે.
દક્ષિણે :– માર્જીનની જમીન વિંગ– " એ " આવેલ છે.
પૂર્વે :– આ સર્વે નંબરના સિંગલ યુનીટ નં. ૨ ની જમીન તથા કોમન પ્લોટ આવેલ છે.
પશ્ચિમે :– માર્જીન બાદ પ્રો. ટી.પી.રીઝર્વેશનની જમીન આવેલ છે.

જેમાં **" વિંગ–બી "** તરીકે ઓળખાતી ઈમારત માં કવર્ડ પાર્કીંગ, કોમન સીડી, બે –લીફટ, ફર્સ્ટ ફ્લોરથી ઈલેવન્થ ફ્લોર સુધી દરેક ફ્લોર ઉપર લીવીંગ રૂમ, ડાયનીંગ રૂમ, કીચન, વોશ એરીયા, સ્ટોર એરીયા, ચાર બેડરૂમ એટેચ્ડ ટોઈલેટ તથા બાથરૂમ, પોર્ચ (બાલ્કની) તથા પુજા રૂમ એવા બે યુનીટ આવેલ છે. તથા માત્ર પહેલા તથા બીજા માળ પર બાલ્કનીનું મંજુર થયેલ બાંધકામ પ્લાન મુજબ વધારાનું બાંધકામ કરવામાં આવેલ છે. તેમ કુલ–૨૪ યુનીટ આવેલ છે.

<u>પરિશિષ્ટ –૨</u>

ઉપરોકત પરિશિષ્ટ– ૧ માં વર્ણવેલ ઈમારત કે જે **" વ્હાઈટ હેવન વિંગ–બી "** ના નામથી ઓળખાતી ઈમારત માંહેથી **સાતમાં માળ પર આવેલ ફલેટ નં.બી/૭૦૨** જેના બિલ્ટઅપ એરીયા ચો.મી. **આ.૧૭૭–૪૮** જે ની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

Vekariya r.v.

17 FEB 2016

RKT 5 MAV
630 | ૭ | ૫
2016

ચ તુ : સી માં

ઉત્તરે :– માર્જીન બાદ કોમન પ્લોટની જમીન આવેલ છે.

દક્ષિણે :– ફલેટનું મેઈન ડોર, પેસેજ ત્યાર બાદ ફલેટ નં. બી/૭૦૧ આવેલ છે.

પૂર્વે :– માર્જીન બાદ આ સર્વે નંબરના સિંગલ યુનીટ નં. ૨ તથા કોમન પ્લોટ આવેલ છે.

પશ્ચિમે :– માર્જીન બાદ પ્રો. ટી.પી.રીઝર્વેશનની જમીન આવેલ છે.

<u>પરિશિષ્ટ –૩</u>

" વ્હાઈટ હેવન વિંગ–બી " ના નામે ઓળખાતી મિલ્કતની સહીયારી સુવિધા નીચે મુજબ આપવામાં આવશે.

ઉપર જણાવેલ પરિશિષ્ટ–૧ માં ઈમારત હેઠળની સઘળી જમીન, ભોઈ તળીયે આવેલ પાર્કીગ તથા ખુલ્લી જગ્યા, સમગ્ર ઈમારતની સીડી તથા લીફ્ટ,લીફ્ટરૂમ, ચાલ, સમગ્ર ઈમારતના પાયા, પ્લીન્થ, બીમ, આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર, કોલમ, સર્પોટીંગ વોલ, ગટર કનેકશન, પ્લમ્બીંગ વર્ક, પાણી જોડાણની લાઈનો, વીજળી જોડાણ, ચાલી, પેસેજ, બહારની દિવાલ, બોર, અન્ડરગ્રાઉન્ડ વોટર ટેન્ક, ઓવર હેડ વોટર ટેંક, સબ–મર્સીબલ પંપ, તથા પાણી બહાર કાઢ વાતી મોટર વિગેરે આ પરીશીષ્ટમાં દર્શાવેલ તથા પ્લાનમાં મંજુર થયેલ સામાન્ય સુવિધા તથા સામાન્ય વિસ્તારમાં બધા જ ફલેટ ધારકો વચ્ચે સહીયારી તથા મજમું હોવાથી કાયમ માટે અવિભાજય રહેશે. જયારે જરૂર પડયે તેમાં કોઈપણ પ્રકારનાં રીપેરીંગ માટે કોઈપણ ફલેટ માલીકે અટકાયત કરવાની નથી અને જરૂરીયાત મુજબ સાથ સહકાર આપવાનો રહેશે.

તથા સદરહું **" વ્હાઈટ હેવન વિંગ–એ "** તથા **" વ્હાઈટ હેવન વિંગ–બી"** માં આવેલ કવર્ડ પાર્કિંગ સીવાય તમામ પાર્કિંગની જગ્યા,સીટીંગ એરીયા, ગેઈટ રીસેપ્શન લોંજ તથા સીકયુરીટી કેબીન, સી.સી.ટી.વી. કેમેરા, તથા ફરતે કમ્પાઉન્ડ હોલ વિગેરે સુવિધા તથા સામાન્ય વિસ્તારમાં **" વ્હાઈટ હેવન વિંગ–એ "** તથા **" વ્હાઈટ હેવન વિંગ–બી "** ના ફલેટ માલીકો વચ્ચે સહીયારી તથા મજમું હોવાથી કાયમ માટે અવિભાજય રહેશે. જયારે જરૂર પડયે તેમાં કોઈપણ પ્રકારનાં રીપેરીંગ માટે કોઈપણ **" વ્હાઈટ હેવન વિંગ–એ "** તથા **" વ્હાઈટ હેવન વિંગ–બી "** ના ફલેટ માલીકે અટકાયત કરવાની નથી અને જરૂરીયાત મુજબ સાથ અને સહકાર આપવાનો રહેશે.

Vekariya V.V.

17 FEB 2016

RKT	5	MAV
630	8	૫
2016		

આ સાટાખત અમોએ અમારી રાજીખુશીથી, જીવ કાયમ રાખી, બીનકેફે, અકકલ હોંશીયારીથી, શાંતચીતે લખી આપેલ છે. તે બદલ આ નીચે સહી કરી શાખ નંખાવી આપેલ છે.

રાજકોટ.

તારીખ :– ..૧૭../૦૨/૨૦૧૬

અત્ર::મતુ, અત્રે:::શાખ

....

(૧)શ્રી નિતીનભાઈ વિઠલભાઈ દુદાણી જે મે. વ્હાઈટ હેવન એન્ટરપ્રાઈઝના નામની ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર

(૧).........................

(૨) N. K. Patel

Vekariya V. V.

....

(૨)શ્રી વિનુભાઈ વલ્લભભાઈ વેકરીયા જે મે. વ્હાઈટ હેવન એન્ટરપ્રાઈઝના નામની ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર

17 FEB 2016

RKT/5/MAV		
630	૧	૫
2016		

17/02/2016 4:08:20 pm Version 1.1.2015.26

અનુક્રમ નંબર ૬૩૦ સને ૨૦૧૬ ના ફેબ્રુઆરી માસની ૧૭ મી તારીખે ૧૫ થી ૧૬ વાગ્યાની વચ્ચે રાજકોટ - 5 - મવા સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યા.

પહોંચ નંબર: ૨૦૧૬૩૨૫૦૦૧૦૮૦	
ફીપહોંચી છે તે	રૂ. પૈસા
રજીસ્ટ્રેશન ફી	૧૫
નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયં (12):	૧૨૦
અન્ય ફી	૦
કુલ એકંદરે રૂ.	૧૩૫

નિતીનભાઇ વિઠલભાઇ દુદાણી

(જે.એસ.જોષી)
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

(જે.એસ.જોષી)
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

અનું. નંબર	પક્ષકારનું નામ અને સરનામુ	ઉમર	ફોટોગ્રાફ	ડા.હા.અં.ની છાપ	સહી
આપનાર					
૧.૦૦૦	વિનુભાઇ વલ્લભભાઇ વેકરીયા તે મે. વ્હાઇટ હેવન એન્ટરપ્રાઇઝ ના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના ભાગીદાર તથા ભાગીદારી પેઢી વતી " વ્હાઇટ હેવન " મોટમવા સ.નં.12 સનસાઇન કોલેજ ની સામે કાલાવડ રોડ રાજકોટ	૪૭			
૨.૦૦૦	નિતીનભાઇ વિઠલભાઇ દુદાણી તે મે. વ્હાઇટ હેવન એન્ટરપ્રાઇઝ ના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના ભાગીદાર તથા ભાગીદારી પેઢી વતી... " વ્હાઇટ હેવન " મોટમવા સ.નં.12 સનસાઇન કોલેજ ની સામે કાલાવડ રોડ રાજકોટ	૫૩			

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ લખી આપ્યાનું કબુલ કરે છે.

RKT/5/MAV		
630	૧૦	૧૧
2016		

17/02/2016 4:08:20 pm Version 1.1.2015.26

૧ મયુર એમ. હાંસલીયા
C/O કુનાલ જે. હાંસલીયા (એડ.)
નક્ષત્ર-2, ઓફીસ નં.110, 150, ફુટ રીંગ રોડ રાજકોટ



જેમને સબ-રજિસ્ટ્રાર ઓળખે છે, તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે.

૧. ____________________

તારીખે ૧૭ માહે ફેબ્રુઆરી -૨૦૧૬

જે.એસ.જોષી
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

આ સાથે લેનાર , આપનાર તથા ઓળખાણ આપનારના ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે.

તારીખ : ૧૭/૦૨/૨૦૧૬

(જે.એસ.જોષી)
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

RKT/5/MAV		
630	૫	૧૧
2016		

17/02/2016 4:20:26 pm Version 1.1.2015.26

૧ નંબરની બુકના ૬૩૦ નંબરે નોંધ્યો છે.

તારીખ : ૧૭/૦૨/૨૦૧૬

જે.એસ.જોષી
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-5 (MAVA)